

ખેડબ્રહ્મા ખાતે રાજસ્થાનના પ્રજાપતિ સમાજ દ્વારા શ્રીયાદે માતાનો ઉત્સવ સોમવારના રોજ ઉજવાયો હતો. જેમાં શ્રીયાદે માતાજીનો મંદિરેથી વરઘોડો નીકળી શહેરના માર્ગો પર ફરી નિજ મંદિર પરત ફર્યા હતા. ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ભેટાલી પાસે એસ.ટી. બસ અને ટેમ્પા વચ્ચે અકસ્માતમાં એકનું મોત

હિંમતનગર, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ભેટાલી ગામ પાસે સોમવારે રાત્રીના એસટી બસ અને ટેમ્પા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટેમ્પા ચાલકનું મોત નીપજયું હતું. જયારે સાતને ઈજાઓ થવા પામી હતી. અકસ્માત અંગે જાદર પોલીસ મથકે જશવંતસિંહ વજેસિંહ પરમારે એસટી ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.


વિગત મુજબ હિંમતનગરથી ઈડર સ્ટેટ હાઈવે નંબર ૯ પર આવેલ ભેટાલી ગામ નજીક સોમવારે રાત્રીના અંદાજે ૯ વાગેના સુમારે બરોડાથી ઈડર તરફ જઈ રહેલ એસટી બસ નંબર જીજે-૧૮-વાય-૮૮૪૯ અને ઈડરથી હિંમતનગર તરફ આવી રહેલ ૪૦૭ ટેમ્પા નંબર જીજે-૨-વી-૪૨૯૩ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટેમ્પાના કચ્ચરઘાણ નીકળી ગયા હતા. પરિણામે ટેમ્પાનો ચાલક હિંમતનગરના હાપા ગામના જગતસિંહ હિંમતસિંહ પરમાર (ઉ.વ.૪૫)નું ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નીપજયું હતું. જયારે એટી બસના ચાલક બાયડના દોલપુર ગામના કનુભાઈ રબારી, ઈડરના મુસાફર કિરીટભાઈ નાયકને શરીરે ગંભીર ઈજાઓ થતા ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા જયારે બાકીના પાંચ ઈજાગ્રસ્ત મુસાફરોને સામાન્ય ઈજા હોવાથી ઈડર સિવિલમાં સારવાર અર્થે લઈ ગયા હતા આ અંગે જાદર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

# ડીસા તાલુકામાં રેશનકાર્ડ ધારકોને નિયમિત પુરવઠો મળે તે માટે કોંગ્રેસે આવેદનપત્ર આપ્યું

ડીસા, તા.૧૦

ડીસા તાલુકામાં કાર્યરત સંસ્થા અનાજની દુકાનમાં આવતો પુરવઠો કાર્ડ ધારકો સુધી નિયમિત પહોંચે અને વિતરણ વ્યવસ્થામાં થતો ભ્રષ્ટાચાર અટકે તે માટે ડીસા તાલુકા યુથ કોંગ્રેસના કાર્યકરોએ મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપી ઘટતી કાર્યવાહી કરવા માટે રજુઆત કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ડીસા તાલુકામાં રેશનકાર્ડ ધારકોને ૧થી ૧૦ તારીખ સુધીમાં દરેક ગ્રાહકોને પુરવઠો મળી રહે, દુકાનદારો પુરવઠો બરોબાર વેચી મારે છે તે પ્રવૃત્તિ અટકે, એ.પી.એલ. કાર્ડ ધરાવતા ગ્રાહકોને ઘઉં તેમજ કેરોસીન મળી રહે તેવી વ્યવસ્થા કરવી વગેરેની માંગણી સાથે ડીસા વિધાનસભા યુવક કોંગ્રેસના પ્રમુખ અમરતભાઈ જોટાણા તેમજ દિપકભાઈ પટેલ, પ્રકાશભાઈ ભરતિયા, પી.વી. રાજગોર તેમજ શહેર કોંગ્રેસના અગ્રણીઓ મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપવા માટે પહોંચ્યા હતા. જયાં મામલતદાર હાજર ન હોવાથી પુરવઠા મામલતદાર પારગીને આવેદનપત્ર આપ્યું હતું.





એલ.આઈ.સી. બ્રાન્ચ ડીસા શાખા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષ પણ ભણશાલી ટ્રસ્ટ સંચાલીત વોલેન્ટ્રી, બ્લડ બેન્કના સહીયોગથી એક સુદર રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં કુલ ૩૧ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડીસા એલ.આઈ.સી.ના ઉત્સાહી મેનેજર એ.ડી.પડ્યા ડીઓ એન. કે. પુરોહિત તથા જ્યોતિન્દ્રભાઈ રાજગોર જયેશભાઈ દેસાઈ સર્વે તાલુકાના એજન્ટ ભાઈઓ પ્રગતી અભિવાદન ગ્રુપના લલીતભાઈ દોશી મુકેશભાઈ પુરોહિત વિગેરે હાજર રહયા હતા. આ રક્તદાન કેમ્પમાં એલ.આઈ.સી. એજન્ટ નટુભાઈ વારડે તથા ભણશાલી ટ્રસ્ટના દેવેન્દ્રભાઈ રાજપુત તથા વોલેન્ટ્રી બેન્કના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. અને રક્તદાન કેમ્પને સફળ બનાવ્યો હતો. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

# ખેડબ્રહ્મા કારમાંથી મોબાઈલની ઉઠાંતરી

ખેડબ્રહ્મા, તા.૧૦

ખેડબ્રહ્મા શહેરમાં પેટ્રોલ પંપ ઉપર એક મહીલા કારમાં પેટ્રોલ પુરાવતા હતા તે દરમિયાન બે નાની બાળકીઓ કારમાંથી રૂ. ૧૪૫૦૦ની કિંમતના મોબાઈલની ઉઠાંતરી કરી રફુચકકર થઈ જવા સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામના વૈશાલીબેન જશુભાઈ ચૌધરી રવિવારના રોજ તેમના પરિવાર સાથે કાર નં. જીજે-૯-બી.બી. ૫૧૩૧ લઈને ખેડબ્રહ્મા ખરીદી માટે આવ્યા હતા ખરીદીનું કામ પતાવી લક્ષ્મીપુરા પરત જતા પેટ્રોલપંપે કારમાં પેટ્રોલ પુરાવા સાંજના ૬-૦૦ વાગ્યાના સુમારે ગયા હતા. દરમિયાન નટ નિશાબેન વિનોદભાઈ તથા કોમલબેન મદાભાઈ નટ કાર પાસે આવી મદદની માગણી કરી હતી. તે બંને છોકરીઓને પૈસા આપી પેટ્રોલનું બીલ ચુકવવા પેટ્રોલપંપની ઓફીસમાં ગયા હતા. દરમિયાન આ બંને છોકરીઓએ કારમાંથી બે સીમકાર્ડવાળો રૂ. ૧૪૫૦૦નો મોબાઈલ ચોરી કરી રફુચકકર થઈ ગઈ હતી. આ ગુમ મોબાઈલની ખુબ તપાસ કરતાં મોબાઈલ ન મળતા બીજા દિવસે સોમવારના દિવસે લક્ષ્મીપુરાથી ખેડબ્રહ્મા આવ્યા હતા અને પેટ્રોલ પંપ ઉપર તે બે છોકરીઓને ઉભી જોઈ તેમની પુછપરછ કરતા તેમનું નામ જણાવી મોબાઈલ ચોરી કર્યાની કબુલાત કરી હતી. આ બંને વિરુધ્ધ મોબાઈલ ચોરીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મંગળવારના રોજ બંનેને કોર્ટમાં રજુ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# તલોદના જૈન દેરાસરોમાં પર્યુષણ પર્વનો પ્રારંભ

## ૧૦ દિવસના પર્યુષણને દિગંબર જૈનો તપ ત્યાગની ભાવનાથી ઉજવણી કરી રહ્યા છે

તલોદ, તા. ૧૦

પર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉમંગભેર શ્વેતાંબર સમાજની ઉજવણી ક્ષમા આચના સાથે પૂર્ણાહૂતી કરવામાં આવી હતી. તલોદમાં ભગવાન શાંતિનાથ પ્રભુને પાલખીમાં બિરાજમાન કરી તલોદમાં જીનાલયોમાં ગયા હતા અને ઉલ્લાસભેર ધર્મભાવના સાથે અઠવાડિયાના આ પર્યુષણ પર્વની શ્વેતાંબર જૈન સમાજે વાજતે-ગાજતે આનંદભેર ઉજવણી કરી હતી.

સાબરકાંઠા જિલ્લાના તલોદ સહિત આસપાસના મોટાભાગના તાલુકામાં મોટા પ્રમાણ જૈનોની વસ્તુ વધારે છે. જ્યાં દેરાસરમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની ભારે ઉત્સાહ, ઉંમગ, તપ, ત્યાગની ભાવના, અહિંસાને ધ્યાનમાં રાખી ઠેર ઠેર ઉજવણી થઈ રહી છે. હાલ ભક્તો વહેલી સવારના ભગવાન ચોવિસ તીર્થકરની આરતી ઉતારી સૌ અભિષેક પ્રભુ ઉપર કરી રહ્યા છે અને પૂજા પાઠ કરવામાં સમુહમાં એકઠા થઈ રહ્યા છે.

# તલોદ તાલુકાની સી.ડી. પટેલ હાઈસ્કૂલનું ગૌરવ

તલોદ, તા.૧૦

સાબરકાંઠા જિલ્લા રમત ગમત અધિકારીશ્રી હિંમતનગર દ્વારા શાળાકીય ભાઈઓ-બહેનોની કબડ્ડી સ્પર્ધાનું આયોજન ટૂંક સમયમાં શ્રી સી.ડી. પટેલ હાઈસ્કૂલ તલોદ મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં તલોદ તાલુકાના શ્રી સી.ડી. પટેલ હાઈસ્કૂલ તલોદ કબડ્ડી સ્પર્ધામાં ભાઈઓની ટીમ સતત ચોથા વર્ષે જિલ્લામાં ચેમ્પિયન બની છે હવે ટૂંક સમયમાં ટીમના સાત ખેલાડીઓ રાજકોટ મુકામે રાજયકક્ષા સ્પર્ધામાં ભાગ લેવા જશે. શાળાના ઉત્સાહિત વ્યાયામ શિક્ષક શ્રી એન.ડી. સડાએ ખેલાડીઓને તૈયાર કરવામાં જે જહેમત ઉઠાવી છે તે બદલ શાળાના આચાર્ય શ્રી એન.એસ. પટેલ શાળા પરિવારના સભ્યો તથા મંડળના પ્રમુખ/મંત્રીશ્રી તથા સૌ હોદેદારોએ ખેલાડીઓ તથા શિક્ષકશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજ વિધાનસભા ક્ષેત્રની બૃહદ કારોબારીની તલોદમાં બેઠક યોજાઈ

તલોદ, તા. ૧૦

તલોદ માર્કેટયાર્ડ ખાતે આજે પ્રાંતિજ વિધાનસભા ક્ષેત્રની બૃહદ કારોબારીની બેઠક અશોકભાઈ ભાવસાર સંગઠન પ્રભારીની આગેવાનીમાં યોજાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર આ બેઠકમાં ૧૯૯૫ થી જિલ્લા તથા તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ચૂંટાયેલા મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. બાદમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા ખેડૂત મૃત્ય સહાય યોજના અંતર્ગત વિજ કરંટથી મૃત્યુ પામેલા ખેડૂત અરવિંદસિંહ રાઠોડના પત્નીને પાંચ હજારનો ચેક આપીને વિશેષ સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં પૃથ્વીરાજ પટેલ, ભરતસિંહ રહેવર અને અતુલ બ્રહ્મભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે કાર્યક્રમને સફળ બનાવવા કે.બી. રાઠોડ, નરેન્દ્રભાઈ પટેલ તથા તેમના અન્ય સાથીઓ ઉપસ્થિત રહ્યા હતા.



પાલનપુર શહેરમાં ડેરીરોડ સિલ્વર પાર્ક સોસાયટીની બાજુમાં સિધ્ધી વિનાયક પ્રાર્થના ખંડનું ઉદઘાટન અને લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલનપુર શહેરમાં ડેરીરોડ પર આવેલી સિલ્વર પાર્ક સોસાયટીમાં શ્રી સોહમ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત શ્રી સિધ્ધી વિનાયક પ્રાર્થના ખંડનું ઉદઘાટન અને લોકાર્પણ કાર્યક્રમ નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ પઢિયારના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમજ પ્રાર્થના ખંડમાં શ્રી ગણેશજીની મુર્તિની સ્થાપના તેમજ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોજાયેલી શોભાયાત્રાએ અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રસંગે બનાસકાંઠાના સાંસદ હરિભાઈ ચૌધરી, નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ પઢિયાર, સંતશ્રી સીતારામબાપુ, પાલનપુર પુર્વ ધારાસભ્ય કાન્તીભાઈ કચોરિયા, નગરપાલિકાના સદસ્ય વિપુલભાઈ મહેતા, મીતાબેન મોદી, લક્ષ્મીબેન કરેણ, ગીરીશભાઈ જગાણીયા, વાસુદેવભાઈ રાવલ, રત્નાભાઈ જોષી, ચેતનભાઈ સોની, સંજયભાઈ સોની સહિત સોસાયટીના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૩૮૦ |
| વરીયાળી | ૬૫૦ | ૧૨૦૦ |
| બંટી | ૨૪૦ | ૨૯૮ |
| રાયડો | ૫૬૦ | ૬૪૫ |
| એરંડા | ૬૮૦ | ૭૩૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૬ |
| જુવાર | ૨૨૫ | ૩૦૦ |
| બાજરી | ૨૩૦ | ૨૮૦ |
| ગવાર | ૧૨૪૦ | ૧૪૭૨ |

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૪૪૭ | ૪૭૦ |
| એરંડા | ૭૦૦ | ૭૧૦ |
| ઘઉં | ૩૦૮ | ૩૬૦ |
| બાજરી | ૨૧૦ | ૨૮૭ |
| ગવાર | ૧૨૦૦ | ૧૪૯૧ |

### સલાલ

| | | |
|---|---|---|
| એરંડા | ૫૯૦ | ૭૦૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૫૦ |
| બાજરી | ૨૧૦ | ૨૫૫ |
| ડાંગર નવા | ૩૦૫ | ૩૩૫ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૭૦૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૩૦૫ | ૩૩૫ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૪ |
| મકાઈ | ૩૦૦ | ૩૨૫ |
| ઘઉં | ૩૧૪ | ૩૨૭ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૨ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૩૫ |
| મકાઈ | ૨૯૦ | ૨૯૫ |
| એરંડા | ૭૦૦ | ૭૧૩ |

### મોડાસા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૦ | ૬૦૯ |
| એરંડા | ૭૦૦ | ૭૧૫ |
| બાજરી | ૩૪૦ | ૩૭૦ |
| મકાઈ | ૨૭૦ | ૩૧૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૧ |
| ગવાર | ૧૨૪૧ | ૧૪૯૧ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| મકાઈ | ૨૮૦ | ૩૦૮ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૪ |
| મગફળી | ૪૦૦ | ૬૦૦ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૪૬ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૫૦ | ૨૬૮ |
| ઘઉં | ૩૧૫ | ૩૨૫ |
| ડાંગર | ૨૭૦ | ૩૦૦ |
| એરંડા | ૭૦૩ | ૭૧૩ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૦૧ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૦ | ૬૧૫ |
| જુવાર | ૨૭૦ | ૩૫૦ |
| રાયડો | ૫૧૫ | ૫૭૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૦ |
| ડાંગર | ૨૬૫ | ૨૯૦ |
| એરંડા | ૭૦૦ | ૭૧૦ |
| ગવાર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૬૦૫ |
| જુવાર | ૨૬૦ | ૩૪૦ |
| રાયડો | ૫૧૦ | ૫૬૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૫૦૦ | ૫૮૫ |
| એરંડા | ૭૦૧ | ૭૨૭ |
| ઘઉં | ૩૧૦ | ૩૭૧ |
| બાજરી | ૨૨૫ | ૨૬૨ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ચણા | ૩૫૦ | ૪૦૧ |
| ગવાર | ૧૧૦૧ | ૧૪૭૦ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૪૧ |
| મકાઈ | ૩૦૦ | ૩૪૮ |
| એરંડા | ૭૦૦ | ૭૧૭ |
| બાજરી | ૨૪૫ | ૨૭૫ |
| મગફળી | ૫૦૦ | ૬૦૦ |
| તલ | ૧૫૦૦ | ૧૬૮૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૭૯ |
| જુવાર | ૩૬૦ | ૩૯૫ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| ડાંગર | ૨૨૦ | ૩૧૦ |
| બાજરી | ૨૨૯ | ૨૮૧ |
| બંટી | ૨૬૦ | - |
| સવા | ૬૨૧ | ૬૯૫ |

| | | |
|---|---|---|
| મેથી | ૫૧૦ | ૫૪૧ |
| ગવાર | ૧૨૫૧ | ૧૪૭૪ |
| એરંડા | ૭૦૦ | ૭૦૫ |
| રાયડો | ૫૮૭ | ૫૯૧ |
| જીરૂ | ૨૩૪૧ | ૨૫૦૬ |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૧ | ૩૮૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૦ |
| એરંડા | ૭૦૭ | ૭૨૩ |
| રાયડો | ૬૦૦ | ૬૧૫ |
| રાજગરો | ૧૨૦૦ | ૧૨૩૬ |
| મગફળી | ૬૦૦ | ૭૦૦ |
| ગવાર | ૧૧૭૫ | ૧૫૪૮ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| મગ | ૬૦૦ | ૭૫૮ |
| રાયડો | ૫૮૦ | ૬૨૫ |
| એરંડા | ૬૮૦ | ૭૨૨ |
| ગવાર | ૧૨૦૦ | ૧૫૧૫ |
| ઘઉં | ૨૯૧ | ૩૯૭ |
| બાજરી | ૧૭૦ | ૩૩૦ |
| જુવાર | ૬૭૫ | - |
| જવ | ૨૭૦ | - |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૨૫ | ૨૭૧૧ |
| વરીયાળી | ૭૦૦ | ૨૧૦૦ |
| ઈસબગુલ | ૧૦૬૦ | ૧૪૬૨ |
| સરસવ | ૬૧૫ | ૬૩૫ |
| રાયડો | ૫૭૦ | ૬૬૫ |
| તલ | ૨૧૩૫ | ૨૨૪૨ |
| સવા | ૬૫૧ | ૬૮૮ |
| અજમો | ૧૦૦૦ | ૧૧૦૦ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૬૭ |
| બાજરી | ૨૦૦ | ૩૦૨ |
| રાયડો | ૫૭૫ | ૬૨૪ |
| એરંડા | ૭૦૦ | ૭૨૪ |
| ચોરા | ૫૭૦ | - |
| જુવાર | ૨૬૫ | ૬૧૫ |
| તલ | ૧૭૦૫ | - |
| મગ | ૫૯૦ | ૯૮૫ |
| ગવાર | ૧૧૫૦ | ૧૪૯૬ |
| રજકાના બી | ૧૨૦૦ | ૨૭૦૦ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૭૩ |
| જીરૂ | ૧૪૦૧ | ૨૩૯૨ |
| રાયડો | ૫૫૦ | ૬૦૨ |
| મેથી | ૪૬૩ | ૫૦૬ |
| તલ | ૨૦૧૧ | - |
| વરીયાળી | ૮૬૨ | - |
| બાજરી | ૨૧૫ | ૨૮૧ |
| એરંડા | ૬૮૫ | ૭૧૫ |
| અજમો | ૮૯૨ | ૯૩૪ |
| સવા | ૬૪૦ | ૭૨૩ |
| ગવાર | ૧૧૫૦ | ૧૪૫૫ |
| રજકાબી | ૯૩૧ | ૧૬૦૦ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૧ | ૩૨૭ |
| બાજરી | ૨૧૫ | ૨૬૪ |
| રાયડો | ૬૦૦ | ૬૦૯ |
| એરંડા | ૬૯૯ | ૭૦૭ |
| ગવાર | ૧૩૬૯ | ૧૪૩૦ |

### જોટાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૩૦ | - |
| એરંડા | ૭૦૦ | ૭૦૫ |
| રાયડો | ૫૯૪ | - |
| બાજરી | ૧૯૦ | ૨૧૨ |
| ગવાર | ૧૪૦૦ | ૧૪૨૧ |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૬૧૦ | ૬૨૭ |
| એરંડા | ૬૯૫ | ૭૧૪ |
| બાજરી | ૨૧૦ | ૨૭૦ |
| ઘઉં | ૨૯૫ | ૩૩૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૫૧૦ |
| મગ | ૭૦૦ | ૯૭૦ |
| ચણા | ૫૫૦ | ૬૨૦ |
| જીરૂ | ૨૦૫૦ | ૨૪૯૨ |
| સાસટો | ૨૮૦ | ૩૩૦ |
| સવા | ૬૪૦ | ૬૮૦ |
| બંટી | ૨૫૫ | - |
| મેથી | ૫૫૦ | ૬૪૦ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૪ | ૩૩૮ |
| એરંડા | ૬૯૫ | ૭૦૯ |
| બાજરી | ૨૩૦ | ૨૭૬ |
| રાયડો | ૫૮૦ | ૬૦૫ |
| ડાંગર | ૨૦૦ | ૨૧૮ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૩૯ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૭૦૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૭ |
| બાજરી | ૨૩૦ | ૨૫૫ |
| મકાઈ | ૨૯૫ | ૩૧૦ |
| ગવાર | ૧૪૦૦ | ૧૫૫૦ |

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.




F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન